# સીમાડા ચેકપોસ્ટ ઉપરથી બે નેપાળી 8.85 લાખના ચરસ સાથે પકડાયા

**જમ્મુ** રહેતા સંદિપના કહેવાથી નેપાળથી ચરસનું રો મટીરીયલ લઈને પૂણે ડિલિવરી કરવા નીકળ્યાં હતાં

**પોલીસથી** બચવા નેપાળથી બસમાં બેસી હાઈવે ઉપર ઉતરીને ચાલતા સુરત આવી બીજી બસમાં પૂણે જવાના હતા



સુરત : સારોલી પોલીસે બાતમીના આધારે સીમાડા ખાતેથી બે નેપાળીઓને 8.85 લાખના ચરસ તથા ચરસ બનાવવાના રો મટીરીયલ સહિત કુલ 11.19 લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. બંને આરોપી નેપાળથી બસમાં બેસીને પૂણે ડિલીવરી આપવા જતા હતા. દરમિયાન સુરતથી બીજી બસમાં બેસવાના હતા. ત્યારે પોલીસે બે નેપાળીઓને પકડી પાડી એકને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

સારોલી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બે નેપાળી પોતાની પાસે ટ્રાવેલિંગ બેગ લઈને ચરસના જથ્થા સાથે 7 તારીખે સાંજે વલથાણ નહેર તરફથી સીમાડા ચેકપોસ્ટ તરફ આવતા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસની અલગ અલગ ટીમો સમગ્ર વિસ્તારમાં વોચ ગોઠવીને બેસી ગઈ હતી. સાંજે બાતમી મુજબના બે નેપાળી ચાલતા ચાલતા આવતા દેખાયા હતા. ત્યારે સમય જોઈને પોલીસની ટીમે તેમને ઘેરી લીધા હતા. નેપાળીઓને નામ પુછતા અવરોધ ઘર્તીમગર જશબહાદુર ઘર્તી (ઉ.વ.21, રહે.નિસીગામ, બાગલુડ નેપાળ) હોવાનું જણાવ્યું હતું. જ્યારે બીજા નેપાળીએ પોતાનું નામ વોમલાલ ઘર્તી પુનુ ઘર્તી (ઉ.વ.52, રહે. નિસીગામ, બાગલુડ, નેપાળ) હોવાનું જણાવ્યું હતું. બંને પાસે એક એક ટ્રાવેલિંગ બેગ હતી. અવરોધ પાસેથી નેપાળી ચલણી નોટ સાથે બેગમાં 11 પ્લાસ્ટિકની કોથળીના પાર્સલો સાથેના ચરસના પેકેટ મળી આવ્યા હતા. આ સિવાય બંને આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, નેપાળી નાગરિક હોવાના પુરાવા અને મોબાઈલ જેવું મીની વજનકાંટા મળી આવ્યા હતા. બીજા નેપાળી આરોપીની બેગમાંથી પણ 6 પાર્સલ મળી આવ્યા હતા. તેને પુછતા આ પેકેટમાં ચરસ બનાવવા માટેનું રો મટીરીયલ હોવાનું જણાવ્યું હતું. અવરોધ પાસેથી કુલ 8.85 લાખનું 5.900 કિ.ગ્રામ ચરસ મળી આવ્યું હતું. જ્યારે વોમલાલ પાસેથી ચરસ બનાવવા માટેનું 2.24 લાખનું રો મટીરીયલ્સ મળી આવ્યું હતું. બંને આરોપીઓ પાસેથી કુલ 11.19 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે બંને નેપાળી અવરોધ, વોમલાલ અને જમ્મુ રહેતા વોન્ટેડ આરોપી સંદિપની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પોલીસ ચેકિંગ કરશે તેવી આશંકાએ તેઓ નેશનલ હાઈવે ઉપર ઉતરી ગયા હતા

બંને નેપાળીને આ અંગે વધારે પુછપરછ કરતા વોમલાલે જણાવ્યું હતું કે, ઘણા દિવસો પહેલા તેની જમ્મુ કશ્મીરમાં સંદીપ નામના વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. ત્યારે આ સંદિપે તેને જો તે ચરસનો જથ્થો પહોંચાડશે તો સારા પૈસા આપશે તેમ કહ્યું હતું. ત્યારપછી આ સંદીપે થોડા દિવસ પહેલા ફોન કરીને આઠથી નવ કિલો ચરસ બનાવવાનું રો મટીરીયલ મંગાવ્યું હતું. અને મહારાષ્ટ્રના પૂણે જઈને ફોન કરવાનું કહ્યું હતું. જેથી વોલમાલે નેપાળમાં તેના ગામથી ચરસ બનાવવા માટેના અલગ અલગ પદાર્થનો જથ્થો ભેગો કર્યો હતો. અને તેના પુત્રના સાળા અવરોધ સાથે નેપાળથી બસમાં બેસીને પૂણે જવા નીકળ્યા હતા. ગઈકાલે સાંજે બસમાં સુરતથી થઈને પૂણે જવાના હતા. પોલીસ ચેકીંગ કરશે તેવી આશંકાએ તેઓ નેશનલ હાઈવે ઉપર ઉતરી ગયા હતા. અને સુરતથી બીજી બસમાં જવાના હતા. દરમિયાન પોલીસે બાતમીના આધારે ચેકપોસ્ટ પાસે તેમને ચાલતા ચાલતા જતી વખતે પકડી પાડ્યા હતા.

## કિશોર સહિત બે યુવાનો ફૂટપાથ પર ઊંઘતા લોકોના મોબાઈલ તફડાવી લેતા હતા

સુરત : બાળ કિશોર સહિત વીસ વર્ષીય લબરમૂછડીયાઓ પાસેથી પાંડેસરા પીઆઈ કામલિયાએ વીસ જેટલા ફોન જપ્ત કર્યા છે. આ લોકો ફૂટપાથ પર ઊંઘી ગયેલા લોકો પાસેથી મોબાઈલ ફોન આંચકી લેતા હતા. પાંડેસરા અને તેની આસપાસના વિસ્તારમાં ફૂટપાથ પર ઊંઘતા લોકોના મોબાઈલ ફોન ચોરાતા આ ગેંગ પોલીસના હાથમાં આવી છે. તેમાં સુરજ ઉર્ફે સિટીલાઈટ બલ્લુસિંગ રાજપૂત( ઉ. વર્ષ 24, રહે., પુનીતનગર, પાંડેસરા) રાહુલ ઉર્ફે કબાડી બચાતી શાહુ (ઉ. વર્ષ 20 રહે., તેરેનામ રોડ, પાંડેસરા) તથા બાળ કિશોરની પોલીસે ધરપકડ કરી છે. કુલ 1.06 લાખના 16 જેટલા મોબાઈલ ફોન કબ્જે લીધા હોવાની વિગત જાણવા મળી છે. આ લોકો પર અગાઉ પણ મોબાઈલ ચોરીના દસ કરતા વધારે ગુના દાખલ થયેલા હોવાની વિગત જાણવા મળી છે.

# શહેરના VIP વિસ્તારના બંધ ફ્લેટને ટાર્ગેટ કરી ચોરી કરતી આંતરરાજ્ય જજ્જર ગેંગ દિલ્હી-હરિયાણાથી પકડાઈ

**અડાજણ** જીએસટી અધિકારીના ફ્લેટમાં આ ગેંગે ચોરી કરી હતી, આરોપીઓ સુરતની ડિસેન્ટ હોટલમાં રોકાઈ અલગ અલગ વિસ્તારમાં રેકી કરતા હતા

સુરતઃ અલગ-અલગ શહેર વિસ્તારમાં દિવસ દરમ્યાન વીઆઈપી વિસ્તારના બંધ ફ્લેટને ટાર્ગેટ કરી નકુચો તોડી ઘરફોડ ચોરી કરતી આંતરરાજ્ય ઝજ્જર ગેંગને દિલ્લી- હરીયાણા ખાતેથી મુદ્દામાલ સાથે ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડી છે. આ ગેંગ થી સ્ટાર ફોર સ્ટાર હોટલમાં રોકાઈને ચોરી કરતી હોય છે. સુરતમાં હોટલ ડિસેન્ટમાં આ ગેંગ રોકાઈ હતી.

ક્રાઈમ બ્રાંચની ટીમ પેટોલીંગમાં હતી ત્યારે બાતમીના આધારે વર્કઆઉટ કરીને દિલ્હી-હરીયાણા-રોહતક ખાતેથી આરોપી લલીત શીવજી શાહુ (ઉવ.૩૮, ધંધોઃ કપડાનો વેપાર રહે. જે.જે.કેમ્પ સુરજપાર્ક, સમયપુર, બાદલી, ઉત્તર પશ્ચિમ, દિલ્હી તથા મુળ દરભંગા, બિહાર), મનોજ જયભગવાન કાયત (ઉ.વ.૩૧, ધંધો- ફર્નીચર કામ રહે., દમદમા મોહલ્લા, ઝજર સલાણી ગેટ હાઈસ્કુલ કે પાસ, તા. ઝજર જી- ઝજર, હરીયાણા) અને સંદીપ ઉર્ફે મોનુ ઓમપ્રકાશ ધનખડ (ઉ.વ.૩૫, ધંધો-કપડાનો વેપાર, રહે., મોડલ ટાઉન, ઝજર જી. ઝજર, હરીયાણા)ને પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી રોકડા 68,500 રૂપિયા, બેંક ખાતામાં 49,980 મળી કુલ 1.18 લાખ અને 15 હજારની કિંમતના બે મોબાઈલ ફોન મળી આવતા કબજે કરાયા હતા.

આરોપીઓની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, 22 ડિસેમ્બરે આરોપીઓ દિલ્હી-હરિયાણા ખાતેથી ટ્રેન મારફતે સુરત શહેરમાં આવ્યા હતા. અને અલગ-અલગ હોટેલમાં રોકાયા હતા. અડાજણ, પાલ, ઉમરામાં રેકી કરી હતી. દરમ્યાન સનલાઈટ કોમ્પ્લેક્ષ જૈનવાડી પાસે આનંદમહેલ રોડ ખાતેના બંધ ફ્લેટને ટાર્ગેટ કરી રોકડા 2.65 લાખની ચોરી કરી હતી. આ ફ્લેટ જીએસટી ઈન્સપેક્ટરનો હતો. તેમજ 3 મહિના પહેલા વડોદરામાં વાડી-પાણીગેટ-નવાપુર વિસ્તારમાં બંધ ફ્લેટ્સને ટાર્ગેટ કરી રોકડની ચોરી કરી હતી. આરોપી સંદીપ ઉર્ફે મોનુની સામે ઘરફોડ ચોરીના 16 ગુના દાખલ છે. લલીત શીવજી શાહુની સામે ઘરફોડ અને આર્મ્સ એક્ટ સહિતના 4 ગુના જ્યારે મનોજ જયભગવાન કાયતની સામે એક ગુનો દાખલ છે.

### આરોપીઓ અઠવાડિયા સુધી રોકાઈને વોચમેન વગરની સોસાયટીને ટાર્ગેટ કરતા હતા

આરોપીઓ પોતાની ગેંગ સાથે દિલ્હી-હરીયાણાથી ટ્રેન મારફતે અલગ-અલગ શહેરોમાં પહોંચી જતા અને હોટેલમાં રોકાતા હતા. શહેર વિસ્તારમાં આવેલા વી.આઈ.પી વિસ્તારમાં કપડા વેચવાના બહાને ફરી રેકી કરી ફક્ત એવા ફ્લેટ વાળી સોસાયટી ટાર્ગેટ કરતા જ્યાં વોચમેન હોતા નથી અને બંધ ફ્લેટ હોય તેનો નકુચો તોડી રોકડા-રૂપિયા તેમજ સોના- ચાંદીના દાગીના ચોરી કરી લેતા હતા. એક શહેરમાં આશરે 06 થી 07 દિવસ રોકાયા બાદ અલગ શહેરમાં ચાલ્યા જતા હતા.

## તકેદારી: પતંગની દોરીથી બચવા સેફ્ટી બેલ્ટ તો આપ્યા, પણ હવે જાગૃતિ તમારે રાખવાની







(તસવીર : સતીષ જાદવ)

સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ખાનગી હોસ્પિ.ના સહયોગથી ઉતરાયણ માટે સેફ્ટી વીક ઉજવણી કરવામાં આવી રહી છે. સાથે સાથે શહેરની સામાજિક સંસ્થાઓ પણ મેદાનમાં આવી હતી. જેમાં વાહન ચાલકોને શહેરના અલગ અલગ ટ્રાફિક પોઈન્ટ ઉપર સેફ્ટી બેલ્ટનું વિતરણ કરી પતંગની દોરીથી બચવા જાગૃતિ અભિયાન ચલાવાયું હતું.

# મેટ્રોના કારણે લંબે હનુમાન અને લાભેશ્વર પોલીસ ચોકી શિફ્ટ કરાશે

**લંબે** હનુમાન ચોકી માટે ઉમરવાડામાં અને લાભેશ્વર ચોકી માટે કરંજમાં જમીન ફાળવવા ચકાસણી શરૂ

સુરતઃ સુરત શહેરમાં મેટ્રોની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે મેટ્રોના રૂટમાં નડતરરૂપ ઈમારતો અને સ્ટ્રક્ચર હટાવવામાં આવી રહ્યાં છે. મેટ્રો રેલ પ્રોજેક્ટના લાઈન-1 અંતર્ગત આવતાં રેલવે સ્ટેશન નજીકના લંબે હનુમાન રોડથી કાપોદ્રા ખાતે નિર્માણ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે અવરોધ રૂપ લંબે હનુમાન રોડ પોલીસ ચોકી અને લાભેશ્વર પોલીસ ચોકીના શિફ્ટિંગ મામલે સ્થાનિક ધારાસભ્યએ સંકલન બેઠકમાં મુદ્દો ઉપાડ્યો હતો. સંકલન બેઠકમાં ધારાસભ્ય પ્રવીણ ઘોઘારીએ આ મામલે રજુઆત કરતા લંબે હનુમાન પોલીસ ચોકીના સ્થળાંતરની પ્રક્રિયા અંગેની જાણ કરાઈ હતી. જેમાં લંબે હનુમાન રોડ પોલીસ ચોકી માટે સૂચવેલ ટીપી સ્કીમ નં-8 ઉમરવાડાના ફાઈનલ પ્લોટ નં-1 વાળી જમીનનો સમાવેશ મલ્ટિ મૉડલ ટ્રાન્સપૉર્ટ હબ પ્રોજેક્ટમાં આવરી લેવાયો છે. જ્યારે લાભેશ્વર પોલીસ ચોકીના સ્થળાંતર માટે ટીપી-3 કરંજના FP નં-119 સ્થિત શોપિંગ સેન્ટર પૈકી વાળી જમીનમાં ફાળવવા માટે વિભાગ દ્વારા યોગ્ય ચકાસણી શરૂ કરાઈ છે.

## પાલ કેનાલ રોડ પર સોલીટેર બિઝનેસમાં સ્પા પકડાયું

સુરતઃ પાલ કેનાલ રોડ પર આવેલા સોલીટેર બિઝનેસ પ્લાઝાના ત્રીજા માળે સોલીટેર હોટલમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાનામાં પોલીસે દરોડો પાડ્યો હતો. માલિક સંજય રાખોલિયા (રહે., શાલીગ્રામ સ્ટેટસ, ઉત્રાણ) એ પોતાની હોટલમાં મેનેજર તરીકે મેજુલકુમાર ઉર્ફે મેજુ ચૌધરી (રહે., ડોલવણ, ગડત) ને રાખ્યો હતો.

દરમિયાન ધનકુબેર ઉર્ફે રાજુ પાસેથી આ 3 જેટલી મહિલા દેહવિક્રયના ધંધા માટે બોલાવવામાં આવતી હતી. આ હોટલમાં દરોડા દરમિયાન 38500 રોકડા સાથે માલિક અને મેનેજરની પોલીસે ધરપકડ કરી હતી. જ્યારે મહિલા સપ્લાયર રાજુને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

# ગર્લફ્રેન્ડના ઘરે અચાનક બેભાન થઈ ગયેલા યુવકને નવી સિવિલ હોસ્પિ.માં મૃત જાહેર કરાયો

**સિવિલ** હોસ્પિટલમાંથી મૃતદેહ લઈને જતા રહ્યા પછી ખબર પડી કે આરીફ કોઈ યુવતીના ઘરે મૃત્યુ પામ્યો છે, તેથી પરિવારે જાતે જ પોસ્ટમોર્ટમ કરાવડાવ્યું



સુરતઃ ગર્લફ્રેન્ડના ઘરે અચાનક બેભાન થઈ ગયેલા ડુંભાલ ટેનામેન્ટના યુવકને નવી સિવિલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પરિવારજનો આરીફના મૃતદેહને લઈને ભાગી ગયા હતા. જોકે ઘરે પહોંચ્યા બાદ પરિવારને ઘટનાની જાણ થતાં તેઓ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ફરી નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતાં.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની આરીફ આયાસ શાહ (28 વર્ષ) હાલ લિંબાયત ડુંભાલ ટેનામેન્ટ પાસે આવેલ ઓમ નગર ખાતે બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. આરીફ ભંગારનો વેપારી હતો.આરીફના ઘર પાસે આવેલ એક ઘરમાંથી આરીફ સોમવારે બપોરે 4 વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે આરીફના સંબધી નઈમ અંસારીએ જણાવ્યું હતું કે, આજે બપોરે 4 વાગ્યાના અરસામાં આરીફનાં પાર્ટનર રાજુ અંસારીએ આરીફને ફોન કર્યા હતા. તે દરમિયાન કોઈ છોકરીએ ફોન ઉપાડીને કહ્યું હતુ કે આરીફ ઓમ નગરમાં મારા ઘરે બેભાન થઈ ગયો છે. જેથી રાજુ અને નઈમ બંને ઓમ નગર જઈને આરીફને બેભાન હાલતમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જેથી તેઓ આરીફના મૃતદેહને ઘરે લઈને જતાં રહ્યાં હતાં. પરંતુ ઘરે પહોંચ્યા બાદ આરીફનાં પરિવારજનોને હકીકત જણાવતા તેઓ આરીફનાં મોતનું ચોક્કસ કારણ જાણવા માટે ફરી નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતાં.

# 4.24 કરોડની ઠગાઈ કરી દુબઈ ભાગી ગયેલા રાણીતળાવના યુવાનના આગોતરા નામંજૂર

**દુબઇ** ભાગી ગયા પછી 17.53 કરોડની છેતરપિંડીની બીજી ફરિયાદ પણ નોંધાઈ હતી

સુરતઃ વિવિધ વેપારીઓ પાસેથી ઉધારમાં કાપડ ખરીદીને રૂપિયા નહીં ચૂકવીને 4.24 કરોડ રૂપિયાની છેતરપિંડી કરનાર અને પછી દુબઈ ભાગી જનાર આરોપીની આગોતરા જામીન અરજી કોર્ટે નાંજૂર કરી હતી.

કેસની વિગત એવી છે કે આરોપી અનસ ઈકબાલ મોતિયાણી (રહે. અલનુર પેલેસ, ભારબંધવાડ, રાણીતળાવ) સહિત 7 આરોપીઓ વિરુદ્ધ વરાછા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી-વિશ્વાસઘાત કાવતરૂં અને ધમકી આપવાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ અનુસાર આરોપીઓએ ફરિયાદી સહિતના 60 વેપારીઓ પાસેથી ઉધારમાં કાપડ ખરીદીને રૂપિયા નહીં ચૂકવી છેતરપિંડી કરી હતી. ભોગ બનનાર રૂપિયા માંગવા જાય એટલે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપીને દુકાન અને મોબાઈલ ફોન બંધ કરીને છેતરપિંડી કરી હતી. ત્યારબાદ આરોપી અનસ દુબઈ ભાગી ગયો હતો. આરોપીએ આગોતરા જામીન માટે તેના એડવોકેટ મારફત કોર્ટમાં અરજી કરી હતી. સરકાર તરફે એપીપીએ આરોપીની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આરોપી ગુનાનો માસ્ટરમાઈન્ટ છે અને આરોપી વિરુદ્ધ બીજો પણ 17.53 કરોડ રૂપિયાની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. કોર્ટે સરકારી એડવોકેટ એપીપીની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

**પ્રતિસાદ** ‘સીટેક્ષ’ માં 3 દિવસ દરમિયાન 25,000 મુલાકાતીઓ ઉમટી પડ્યા

# ચેમ્બરના ‘સીટેક્ષ’નું સમાપન, 400 કરોડની મશીનરીના ઓર્ડર

**આગામી** છ મહિનામાં મશીનરીઓમાં રૂપિયા 1500 કરોડથી વધુના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટની સંભાવનાઃ રમેશ વઘાસિયા





સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત ‘સીટેક્ષ - સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્ષ્પો- ૨૦૨૪’નું આજે સમાપન થયું હતું. ત્રિદિવસીય સિટેક્સ એક્ઝિબિશનનાં ઈતિહાસમાં પ્રથમવાર 25,000 જેટલા બાયર્સ-મુલાકાતીઓ ઊમટી પડ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, દેશના વિવિધ ખૂણેથી આવેલા જેન્યુન બાયર્સ સાથે એકઝિબિટર્સે વન ટુ વન મિટીંગો કરી હતી. સીટેક્ષની મુલાકાતે આવેલા બાયર્સે એક્ઝિબિટર્સને સારા ઓર્ડર્સ આપ્યા હતા. એક્ઝિબિટર્સને સ્થળ પર જ રૂપિયા 400 કરોડથી વધુની કિંમતના મશીનરીઓના ઓર્ડર મળ્યાં હતાં. આ એક્ષ્પો થકી ટેક્સટાઈલ મશીનરીઓ તેમજ એન્સીલરીઓ માટે જે મહત્વની ઈન્કવાયરી એક્ઝિબિટર્સને જનરેટ થઈ છે તેનું એનાલિસિસ કરવામાં આવે તો આગામી 6 મહિનામાં ટેક્સટાઈલ મશીનરીઓમાં આશરે રૂપિયા 1500 કરોડથી વધુના કેપીટલ ઈન્વેસ્ટમેન્ટની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. વઘાસિયા એ વધુમાં જણાવ્યું હતું કે, સીટેક્ષ એક્ઝિબિશનમાં ભારતમાં બનેલી અદ્યતન ટેક્સટાઈલ મશીનરીઓની સાથે સાથે યુરોપિયન મશીનરીઓ તેમજ જર્મની વિગેરે દેશોમાં બનેલી અદ્યતન ટેક્સટાઈલ મશીનરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે 6800, બીજા દિવસે 10,320 અને આજે ત્રીજા દિવસે 8386 મળી કુલ 25,506 બાયર્સ એક્ઝિબિશનમાં ટેક્સટાઈલની વિવિધ મશીનરીઓ જોવા માટે આવ્યા હતા. સીટેક્ષ એક્ઝિબિશનમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીને આવરી લગતી દરેક સેગમેન્ટની ટેક્સટાઈલ મશીનરી, એસેસરીઝ, વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજી ધરાવતી એરજેટ લુમ્સ, વોટર જેટ લમ્સ, રેપીયર લુમ્સ, ઈલેકટ્રોનિક જેકાર્ડ, ડોબી મશીન, વેલવેટ વિવિંગ મશીન, સરકયુલર નીટિંગ, યાર્ન ડાઈંગ, વોર્પિંગ મશીન, ડિજીટલ પ્રિન્ટિંગ મશીનરી, પોઝીશન પ્રિન્ટિંગ મશીન, વિવિધ પ્રિન્ટિંગ ઈન્ક તેમજ ખૂબ મોટી સંખ્યામાં મશીનરી તથા એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# રાજ્યભરમાં બેંકમાં રૂપિયા ભરવા આવતા લોકોની નજર ચૂકવી ચોરી કરતી ઈરાની ગેંગ પકડાઈ

**ઇરાની** ગેંગના પિતા-પુત્ર અને ભત્રીજો સુરત ઉમરા ગામમાં હોવાની બાતમી મળતાં પોલીસે દબોચી લીધા

સુરત : ગુજરાત રાજ્યના અલગ અલગ શહેરોની બેંકમાં આવતા ગ્રાહકો સાથે હાથ ચાલાકીથી તેમજ નજર ચુકવી ચોરી કરતી ઈરાની ગેંગના પિતા-પુત્ર અને ભત્રીજાને ઉમરા પોલીસની ટીમે કુલ 1.46 લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે.

ઉમરા પોલીસની ટીમને ટેક્નિકલ એનાલિસીસ (ICJS) પોર્ટલ પર એક આરોપીનો મોબાઈલ નંબર મળ્યો હતો. જેના આધારે તપાસ કરતા આરોપીએ અગાઉ અન્ય આ પ્રકારના ગુનાઓ આચર્યા હોવાનું ધ્યાને આવતા તેને ટ્રેક કરાયો હતો. દરમિયાન ઉમરા પોલીસની ટીમને ઈરાની ગેંગના માણસો બેંકમાં બેસીને બેંકમાં આવનાર ગ્રાહકો પાસેથી નોટની ગડ્ડીઓ સરખી ગોઠવી આપીએ કે અલગ અલગ બહાને નજર ચુકવી હાથ ચાલાકીથી ચોરી કરતા ત્રણ આરોપી ઉમરા ગામ તિલક સર્કલ પાસે ઉભા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ગેંગના આરોપી જાવેદ હુસેન સરવર હુસેન ઈરાની (ઉ.વ.૫૦, ધંધો- વેપાર, રહે. ઈરાણી નગર (પાટીલ નગર), આંબીવલી વેસ્ટ, થાણે, મુંબઈ, મહારાષ્ટ્ર), અબુતારબ જાવેદ હુસેન ઈરાની (ઉ.વ.૩૨), આવેદ ફિરોઝ ઈરાની (ઉ.વ.૪૦, ધંધો- વેપાર, રહે. ઈરાણી નગર (પાટીલ નગર) ની ધરપકડ કરી હતી. આરોપીઓએ ગ્રાહકોને વાતોમાં લઈ ગ્રાહકોની નજર ચુકવી હાથ ચાલાકીથી કુલ 1.04 લાખ ચોરી કર્યા હતા. આ રોકડા તથા ચાર મોબાઈલ ફોન મળીને કુલ 1.46 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ સાથે જ પોલીસે પાલનપુર વેસ્ટ પોલીસ સ્ટેશન, રાંદેર પોલીસ સ્ટેશન, મહેસાણા, મહિધરપુરા અને ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અલગ અલગ જિલ્લાઓના કુલ 5 અન-ડિટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કર્યા હતા. આરોપી જાવેદની સામે અમદાવાદ ખાડીયા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2018માં છેતરપિંડીનો અને અબુતરાબની સામે અંધેરી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2014 માં છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. આ સિવાય દિલ્હી વેસ્ટ હરીનગર પોલીસ સ્ટેશન, મહારાષ્ટ્ર માતુંગા પોલીસ સ્ટેશન, મહારાષ્ટ્ર વિનોબાભાવે પોલીસ સ્ટેશન, ભોયવાડા પોલીસ સ્ટેશનમાં પણ અનેક ચીટીંગના ગુના નોંધાયા છે.